## <u>-ः આંકઃ ૧ લગત હુકમ :-</u>

**<u>C.C.NO. 120029/2021</u>**

(૧) આ કામના આરોપી સામે ઈ.પી.કો.કલમઃ ૨૭૯, ૩૩૭, ૪૨૭ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબના ગુનાનો આરોપ છે. આ કામના આરોપીનાઓ હાજર થઈ તેઓએ પોતાની સ્વેચ્છાએ ગુનાની કબૂલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, મધ્યમ વર્ગનાંછે, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, આરોપીએ તેનાં નિવેદનમાં સ્વેચ્છાપૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્ર થમ ગુનો હોઈઅને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

(૨) આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજૂઆત તથા કબૂલાત અને કેસનાં સંજોગોને ધ્યાને લેતાં તેમજ **<u>રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩ (૨) ૯૭૪</u>** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં તેમજ **<u>ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫ (૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર</u>** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં, જો પૂરતાં અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાનાં સિધ્ધાંતને ધ્યાને લઈ તથા આરોપીનાં સંજોગોને ધ્યાને લેતાં, આરોપીને હળવી સજા કરી, હળવી તથા ઓછી સજા કરવા માટેનાં વાજબી અને વિશિષ્ટ કારણો જણાતાં હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

### <u>-: હુ ક મ :-</u>

૧). આ કામનાં આરોપી ને ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમઃ ૨૭૯, ૩૩૭, ૪૨૭ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબના ગુનામાં કસુરવાર ઠરાવી નીચે મુજબનો દંડ કરવામાં આવે છે.
ઈ.પી.કો. કલમ-૨૭૯ અન્વયે રૂા.૧૦૦૦/-(અંકે એક હજાર રૂપિયા પુરા)જો દંડ ન ભરે તો દિન:૦૫ સાદી કેદ,
ઈ.પી.કો. કલમ-૩૩૭ અન્વયે રૂા. ૫૦૦/-(અંકે રૂપિયા પાંચસો પુરા)જો દંડ ન ભરે તો દિન:૦૨ સાદી કેદ,
ઈ.પી.કો. કલમ-૪૨૭ અન્વયે રૂા.૧૦૦૦/- (અંકં રૂપિયા એક હજાર પુરા),જો દંડ ન ભરે તો દિન......સાદી કેદ, એમ.વી.એકટ કલમ:૧૮૪ અન્વયે રૂા.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા), જો દંડ ન ભરે તો દિન-૦૨ ની સાદી કેદ, એમ.વી.એકટ કલમ:૧૭૭ અન્વયે રૂા.૧૦૦/- (અંકે રૂપિયા એક સો પુરા), જો દંડ ન ભરે તો દિન-૦૨ ની સાદી કેદ એમ કુલ દંડની રકમ રૂા.૩૧૦૦/- (ત્રણ હજાર એક સો પુરા) ભરવાનો આથી આદેશ કરવામા આવે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશિયલ મેજીસ્ટ્રેટ સિટીંગમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

**મુકામ : અમદાવાદ.**
**તા. ૧૩ / ૦૮/૨૦૨૨**

**(વી. જી. રાણા )**
**એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૨૩, અમદાવાદ.**
**કોડ નંબરઃજીજે.૦૦૯૬૪**